Extra No. 244

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JULY 7, 2025 / ASHADHA 16, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી જુલાઇ, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તારીખઃ ૨૩મી એપ્રિલ, ૨૦૨૫ના સરકારી હુકમ ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૧૪/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઇ-ફાઇલ/૧૪/૨૦૨૫/૧૧૫૬/સેક્શન-જે-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

ORDER

Under

The Gujarat Panchayats Act, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ

હુકમ

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી એપ્રિલ, ૨૦૨૫

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંકઃ કેપી/૨૦૨૫નો ૧૪/પીઆરએચઆરડીડી/જેઆરટી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૧૧૫૬/સેક્શન-જે:- ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી જાન્યુઆરી, ૨૦૨૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેવી-૨૦૨૫નો ૧૯-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/ ૫૯૫૭/પી સેક્શન, ક્રમાંક. કેવી-૨૦૨૫નો ૨૦-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૫૯૫૭/પી સેક્શન અને ક્રમાંક. કેવી-૨૦૨૫નો ૨૧-યુડીયુએચડી/સીઓસી/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૪/૫૯૫૭/પી સેક્શન-થી, સુરેન્દ્રનગર જિલ્લાના મુળચંદ, ચમારજ, ખમીસણા, ખેરાળી અને માળોદ ગ્રામ પંચાયતોના વિસ્તારોને “મોટા શહેરી વિસ્તાર” તરીકે નિર્દિષ્ટ કરીને સુરેન્દ્રનગર સિટી(શહેર)ની મ્યુનિસિપલ કોર્પોરેશનની રચના કરેલ છે;

અને સદરહુ ગ્રામ પંચાયતોના વિસ્તારો "મોટા શહેરી વિસ્તાર" હોવાથી, સંબંધિત તાલુકા પંચાયત, વઢવાણ-ના સંબંધિત મતવિસ્તારમાં ફેરફાર થયેલો છે અને જેમનું મતવિસ્તાર સમગ્ર રીતે સદરહુ શહેરી વિસ્તારમાં સમાવિષ્ટ થયેલું છે તેવા તાલુકા પંચાયત, વઢવાણ-ના ચૂંટાયેલા પ્રતિનિધિના કિસ્સામાં, અનુસૂચિની કોલમ (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે તાલુકા પંચાયત, વઢવાણ-ના સંબંધિત મતવિસ્તારનો ચૂંટાયેલો પ્રતિનિધિ, તાલુકા પંચાયત, વઢવાણ-ના પ્રતિનિધિ તરીકે હોતા બંધ થવાથી તાલુકા પંચાયત, વઢવાણ-ના સભ્ય તરીકે ચાલુ રહી શકશે નહિ;

અને ગુજરાત સરકારે, અનુસૂચિની કોલમ (૪) અને (૫)માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા તાલુકા પંચાયત, વઢવાણ-ના પ્રતિનિધિનો હોદ્દો સમાપ્ત કરવાનો નિર્ણય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મો)ની કલમ ૨૬૪ની પેટા-કલમ (૧)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

૧. વચગાળાના પગલા તરીકે, વિદ્યમાન તાલુકા પંચાયત, વઢવાણ-ના સભ્યોની સંખ્યા ૧૮ થી ઘટાડીને ૧૭ કરે છે;

૨. જેને સદરહુ તાલુકા પંચાયતમાંથી બાકાત કરેલ છે તેવા તાલુકા પંચાયત, વઢવાણ-ના વિસ્તારોની અંદર આવતા આ સાથે જોડેલ અનુસૂચિના કોલમ (૪)માં નિર્દિષ્ટ કરેલ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા, કોલમ (૫)માં નિર્દિષ્ટ કરેલ તાલુકા પંચાયત, વઢવાણ-ના સભ્યનો હોદ્દો સમાપ્ત કરે છે.

અનુસૂચિ

અનુ-ક્રમાંક	જિલ્લા પંચાયતનું નામ	તાલુકા પંચાયતનું નામ	તાલુકા પંચાયતના મતદારમંડળોના નામ અને તેની સંખ્યા	તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યનું નામ
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૧	સુરેન્દ્રનગર	વઢવાણ	૭- ખેરાળી	જયેન્દ્રભાઇ ત્રિભોવનભાઇ દાણાદડિયા

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. ડી. પ્રજાપતિ,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.12 15:13:07 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar